દોઢ માસ પહેલા ફાયર સેફ્ટીની અમલવારી માટે નોટિસ ફટકારાઇ હતી પરંતુ તકેદારી નહીં રખાતાં

# જય શ્રીરામ માર્કેટમાં ભીષણ આગ

**લિફ્ટમાં ફસાયેલા ત્રણ લોકોને ફાયરે દરવાજો તોડી રેસ્ક્યુ કર્યા**

સુરતઃ રિંગ રોડની જય શ્રીરામ માર્કેટમાં મંગળવારે બપોરે પાંચમા માળે અગાસીમાં પતરાના શેડ બનાવીને તૈયાર કરાયેલા દસેક ગોડાઉન પૈકી બેમાં આગ ફાટી નીકળી હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા અફડાતફડી મચી ગઈ હતી. ધુમાડાના ગોટેગોટા દૂર સુધી ફેલાતા માર્કેટના વેપારીઓ અને શ્રમિકોમાં ફાળ પડી હતી અને લોકોએ જીવ બચાવવા દોડાદોડ કરી મૂકી હતી. આગ વિકરાળ થતા ફાયરે બ્રિગેડ કોલ જાહેર કર્યો હતો અને એક પછી એક ફાયરની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી હતી. ભારે જહેમતે આગ કાબૂમાં આવી હતી.

### 60 જવાન અને 18 ગાડીએ 3 કલાકની ભારે જહેમત બાદ આગ પર મેળવ્યો કાબૂ

12 અલગ-અલગ ફાયર સ્ટેશનની 18 ગાડી અને અંદાજે 60 જેટલા જવાનોએ મોરચો સંભાળ્યો હતો. ગોડાઉનમાં કાપડ અને સાડીનો જથ્થો હોવાથી ધુમાડો ખૂબ જ વધારે હતો, જેથી 8થી 10 જવાને ઓક્સિજન માસ્ક પહેરીને અંદર પ્રવેશ કરવો પડ્યો હતો. સતત સાડા ત્રણ કલાક સુધી ચારેબાજુથી પાણીનો મારો ચલાવ્યા બાદ આગ પર કાબૂ મેળવી શકાયો હતો. ફાયર જવાનોની સમયસૂચકતાને કારણે અન્ય 8 ગોડાઉનને આગની ચપેટમાં આવતા બચાવી લેવાયા હતા.



### લિફ્ટમાં ફસાયેલા 3 લોકોનું રેસ્ક્યુ

સાવચેતીના ભાગરૂપે માર્કેટનો વીજ સપ્લાય બંધ કરી દેવામાં આવ્યો હતો. આ દરમિયાન માર્કેટના ત્રીજા માળે લિફ્ટમાં ત્રણ વ્યક્તિ ફસાઈ ગયા હતા અને ગભરાઈને બૂમો પાડવા લાગ્યા હતા. ફાયરના જવાનોએ દરવાજો તોડી ત્રણેય વ્યક્તિને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

### માર્કેટની અંદાજે 1000 દુકાનને સીલ

આ ભીષણ આગની ઘટના બાદ તંત્ર દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. આગ પર કાબૂ મેળવ્યા બાદ મંગળવારે સાંજથી જ જય શ્રીરામ માર્કેટની તમામ પાંચ માળની અંદાજિત 800થી 1000 જેટલી દુકાનોને સાવચેતીના ભાગરૂપે સીલ મારવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરનારા વેપારીઓ અને માર્કેટ એસોસિએશન સામે આગામી દિવસોમાં વધુ કડક કાર્યવાહીના સંકેત મળી રહ્યા છે.

### જાન્યુઆરીમાં અપાયેલી નોટિસની અવગણના ભારે પડી: વેન્ટિલેશનના અભાવે ધુમાડો ગૂંગળાયો

ફાયર ઓફિસર હિતેશ ઠાકોરના જણાવ્યા અનુસાર, ગત જાન્યુઆરી માસમાં જ આ માર્કેટને ફાયર સેફ્ટી અંગે નોટિસ ફટકારવામાં આવી હતી. જેમાં ફાયર સિસ્ટમ કાર્યરત કરવા અને ઇમરજન્સી એક્ઝિટ માર્ગમાં પડેલા કાપડના પોટલા હટાવવા સૂચના અપાઈ હતી. એટલું જ નહીં, કર્મચારીઓને ટ્રેનિંગ પણ આપવામાં આવી હતી, છતાં આગ સમયે કોઈ સિસ્ટમનો ઉપયોગ કરી શકાયો નહોતો. માર્કેટમાં વેન્ટિલેશનનો અભાવ હોવાથી ધુમાડો બહાર નીકળી શક્યો નહોતો, જેના કારણે મુશ્કેલી વધી હતી.

### અમરોલી બ્રિજ નીચે તાપી નદીમાં જળકુંભીનો જમાવડો



■ ફેબ્રુઆરીના આખર દિવસોમાં તાપી નદીમાં જળકુંભીનું પ્રમાણ વધી ગયું છે. હાલમાં જ કોઝવે નદીમાંથી જળકુંભી દૂર કરવામાં આવી હતી. ત્યારે અમરોલી બ્રિજ નીચે પણ જળકુંભીઓના જમાવડાના કારણે ગંદકી અને મચ્છરોની સમસ્યા ઊભી થઈ રહી છે. (તસવીરઃ સતીષ જાદવ)

### ત્રણ સંતાનની માતાનું ગૃહકલેશથી કંટાળી અગ્નિસ્નાન

સુરતઃ અમરોલી સ્થિત કોસાડ ગામના સરદારનગરમાં ગૃહકલેશને કારણે પરિણીતાએ જીવનનો અંત કર્યાનો બનાવ સામે આવ્યો છે. મૂળ ઓરિસ્સાની વતની લીઝા અબ્દુલ્લા મૌલાએ ગઇ રાત્રે ઘરમાં જ્વલનશીલ પ્રવાહી છાંટી અગ્નિસ્નાન કર્યું હતું. પરિવારજનો તેને તાત્કાલિક સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં તબીબોએ મૃત જાહેર કરી હતી.

### બાંધકામ સાઇટ પર સલામતીના અભાવે મજૂરનો જીવ ગયો

સુરતઃ ગોડાદરા વિસ્તારના દેવધ ગામે બાંધકામ સાઇટ પર બનેલી દુર્ઘટનાએ શ્રમિકોની સલામતી અંગે પ્રશ્નો ઊભા કર્યા છે. ૨૬ વર્ષીય પંકજ પ્રેમ રાઠોડ ઈંટો ભરેલી બોરી માથા પર લઈને ચોથા માળે ચઢી રહ્યો હતો. આ દરમિયાન તેનો પગ લપસતા બોરી તેની છાતી પર પડી હતી. ગંભીર હાલતમાં સ્મીમેર હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત થયું. ગોડાદરા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ખંડણીખોર ઈમ્તીયાઝ સદામની જામીનઅરજી સેશન્સ કોર્ટે ફગાવી

સુરતઃ આરોપી ઈમ્તીયાઝ સદામે ખંડણીના જુદા જુદા ગુના પૈકી સારોલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં જામીન માંગ્યા હતા. રેતીનો ધંધો કરતાં ફરીયાદી ગુલામ શાબીર મોહમદ સફી સાયકલવાલાએ આરોપી ઈમ્તીયાઝ ઉર્ફે ઈમ્તીયાઝ સદામ ઈકબાલ બચાવની સામે સારોલી પોલીસ સ્ટેશને ખંડણી સંદર્ભે ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં તેણે જામીન મુક્ત થવા સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. ફરીયાદી તરફે વકીલ ઝફર બેલાવાલાએ જામીનઅરજી સામે સોગંદનામુ રજૂ કરી દલીલો કરી હતી. સરકાર તરફે એપીપી કે. ડી. ખૈરનારે આરોપીની જામીનઅરજી નામંજૂર કરવા રજૂઆત કરી હતી. બંને પક્ષની દલીલો બાદ કોર્ટે આરોપીની જામીનઅરજી નામંજૂર કરી છે.

### વરાછામાં લગ્ન ન થતાં હોવાથી યુવતીનો આપઘાત

સુરતઃ વરાછા વિસ્તારમાં રહેતી ૨૫ વર્ષીય દિવ્યાએ બપોરના સમયે ઘરમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પરિવારજનો બહાર ગયા હતા ત્યારે તેણીએ આ પગલું ભર્યું હોવાનું જાણવા મળે છે. પ્રાથમિક તપાસમાં લગ્ન માટે યોગ્ય પાત્ર ન મળતા તેણી માનસિક તણાવમાં હતી તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે. યુવતીના પિતા રમેશભાઈ મકવાણા સાડીના કારખાનામાં કામ કરે છે અને પરિવારનું ગુજરાન ચલાવે છે. વરાછા પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## સુરતમાં ગરમીનો પ્રકોપ વધ્યો, તાપમાન વધીને 37.6 ડિગ્રી

**ભેજનું** પ્રમાણ ઘટીને 27 ટકા થઈ જતા સૂકી લૂનો અનુભવ, બપોરે માર્ગો પર ચહલપહલ ઘટી

સુરતઃ સુરત શહેરમાં આજે તાપમાનમાં આંશિક વધારો નોંધાતા મહત્તમ તાપમાન 37.6 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન 20.4 ડિગ્રી નોંધાયું હતું. હવામાં માત્ર 27 ટકા ભેજ નોંધાતા વાતાવરણ સૂકું અને ગરમ રહ્યું હતું. સાથે પવનો પણ મંદ ગતિએ ફૂંકાતા દિવસ દરમિયાન ગરમીનો પ્રકોપ વધુ અનુભવાયો હતો.

સતત બીજા દિવસે કાળઝાળ ગરમીનો અનુભવ થતા નાગરિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. બપોરે રસ્તાઓ પર અવરજવર ઓછી જોવા મળી હતી. 12થી 4 દરમિયાન તડકાની તીવ્રતા વધુ રહેતા લોકો જરૂરી કામ સિવાય બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી દિવસોમાં પણ તાપમાનમાં વધુ વધારો થવાની શક્યતા છે. જેના કારણે કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત્ રહે તેવી શક્યતા છે. તબીબો દ્વારા નાગરિકોને વધુમાં વધુ પાણી પીવા, તડકાનો સીધો સંપર્ક ટાળવા અને જરૂરી હોય તો જ બહાર નીકળવા સલાહ આપવામાં આવી છે. ગરમીના વધતા પ્રભાવને ધ્યાનમાં રાખીને વયસ્કો, બાળકો અને દૈનિક મજૂરી કરતા લોકો ખાસ સાવચેત રહે તે જરૂરી બન્યું છે.

## કારનો કાચ તોડી 35 લાખની ચોરીમાં 'છારા ગેંગ'ના બે ઝડપાયા

**રાંદેર,** રામનગરમાં ફિલ્મી રીતે ચોરી કરાઈ હતી

**ક્રાઈમ** બ્રાંચે ૧૯ લાખની રોકડ અને મોટરસાઈકલ કબજે કર્યા

સુરતઃ રાંદેર રામનગરમાં ૧૯મી ફેબ્રુઆરીએ ફિલ્મી ઢબે ફોર્ચ્યુનર ગાડીનો કાચ તોડી ૩૫ લાખની સનસનાટીભરી ચોરીમાં પોલીસે વેલંજા રોડ પરથી અમદાવાદના બે છારા ગેંગના રીઢા ગુનેગારોને ૧૯ લાખથી વધુની રોકડ સાથે દબોચી લીધા છે. બાકીની લૂંટની રકમ અન્ય બે સાથીદારો લઈ ભાગી જવામાં સફળ રહ્યા છે.

સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે પકડેલામાં અજય ઉર્ફે મોટીયા દશરથ ભોગેકર (રહે. છારાનગર, અમદાવાદ) અને નિલેશ ઉર્ફે લીલેશ ફતીયા ભોગેકર (રહે. છારાનગર, અમદાવાદ)નો સમાવેશ થતો હતો. જે ભાગી ગયા છે તેની પોલીસ શોધી રહી છે.

**નંબર પ્લેટ પર સ્ટિકર લગાવી ચોરીનો પ્લાન બનાવ્યો**

પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, કુલ ૪ સાગરીતોએ અમદાવાદમાં બેસીને સુરત ચોરી કરવાનો પ્લાન બનાવ્યો હતો. તેઓ અમદાવાદથી જ બાઈક અને મોપેડ લઈને આવ્યા હતા અને હાઈવે પર વાહનોની નંબર પ્લેટ પર સ્ટીકર લગાવી નંબર બદલી નાખ્યા હતા જેથી પકડાઈ ન જાય. પોલીસે આરોપીઓ પાસેથી ૧૯,૧૩,૫૦૦ રોકડા અને ૧૫,૦૦૦ની કિંમતનું બાઈક મળી કુલ ૧૯,૨૮,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. બાકીના રૂપિયા અન્ય બે આરોપીઓ લઈ ભાગી છૂટ્યા છે.

**લૂંટ અને ચોરીના રીઢા છારા ગેંગના સભ્યો છે**

ઝડપાયેલો અજય ઉર્ફે મોટીયો છારા ગેંગનો સભ્ય છે. અગાઉ અમદાવાદ અને કચ્છમાં ચોરી તેમજ પ્રોહિબિશનના ૭ જેટલા ગુનાઓમાં સંડોવાયેલો છે. જ્યારે નિલેશ ઉર્ફે લીલેશ વિરુદ્ધ અમદાવાદ અને રાજકોટમાં લૂંટ, ચોરી અને દારૂના ૬ જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. હાલમાં ક્રાઈમ બ્રાંચે આ બંનેને રાંદેર પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

હત્યા-મારામારી સહિતના ગુનામાં સંડોવાયેલા

## ગુનેગારોના ગેરકાયદે બાંધકામો તોડી પડાયાં

**સુરત** મનપા અને અમરોલી પોલીસના સંયુક્ત મેગા ઓપરેશનમાં કોસાડ આવાસમાં ૧૪૬.૮૮ ચોરસ મીટર દબાણનો ભાગ તોડી પડાયો

સુરતઃ અમરોલી પોલીસ અને સુરત મહાનગરપાલિકાએ સંયુક્ત ઓપરેશન હાથ ધરી કોસાડ આવાસમાં બાળકોના ઝગડામાં થયેલી હત્યાના ગુનામાં સંડોવાયેલા આરોપીઓ દ્વારા કરવામાં આવેલા ગેરકાયદે બાંધકામો પર જેસીબી ફેરવી દઈ જમીનદોસ્ત કરી દીધા હતા.

કોસાડ આવાસ એચ-૧ ખાતે બિલ્ડિંગમાં થોડા સમય પહેલા બાળકો રમતા હતા ત્યારે એક બાળકને ધક્કો લાગતા પરિવાર વચ્ચે માથાકૂટ થતા એક યુવકની હત્યા થઈ હતી. આ હત્યામાં સંડોવાયેલા આરોપીઓએ કોસાડ આવાસ એચ -૧ માં નંબર ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨ તેમજ ૮૬ અને ૮૭ માં ગેરકાયદે કબ્જો જમાવીને બાંધકામ કર્યું હતું. આ તમામ સ્થળોએ મળીને કુલ ૧૪૬.૮૮ સ્ક્વેર મીટર જેટલા ગેરકાયદે બાંધકામને તોડી પાડવામાં આવ્યું છે. ડિમોલિશનમાં ૨-જેસીબી, ૪-ટ્રક અને સુરત મહાનગરપાલિકાના ૫૦ કર્મચારીઓની ટીમ જોડાઈ હતી. અમરોલી પોલીસ મથકના ૪ ઉચ્ચ અધિકારીઓ અને ૧૬ પોલીસ જવાનોએ આખી કામગીરી દરમિયાન સુરક્ષા વ્યવસ્થા સંભાળી હતી.

## ગ્રીન સિટી ગોલ્ડમાં ફ્લેટ વેચાણના બહાને રૂપિયા 41.40 લાખ પડાવ્યા

**ભાઠામાં** રકમ પરત માંગતા આપેલો ચેક પણ રિટર્ન થયો, ઠગ ઓફિસ ખાલી કરી ફરાર

સુરતઃ પાલ ભાઠાગામ ગ્રીન સિટી ગોલ્ડમાં પોતાની માલિકીનો ફ્લેટ ન હોવા છતાં ઠગે ફ્લેટ વેચાણના રૂ. 41,40,999ની વસૂલી લીધા હતા. જેમાં ઠગાઈ સામે આવતા આરોપીએ આપેલા ચેક પણ રિટર્ન થયા હતા અને આરોપી ફરાર થઈ ગયો છે.

ચોર્યાસી તાલુકાના બમરોલી ગામે પ્રતીક ફળિયામાં રહેતા કેતનકુમાર ચંદુભાઈ પટેલની ફરિયાદ મુજબ જાન્યુઆરી 2024થી આરોપી ધવલ ભાટીયા (રહે. ગ્રીનસિટી, ગૌરવપથ રોડ, પાલ)એ પોતે પાલ ભાઠાગામ સ્થિત ગ્રીન સિટી ગોલ્ડ સ્કીમમાં બિલ્ડિંગ નં. 30ના ફ્લેટ નં. 1101નો માલિક હોવાનું જણાવી કેતનકુમાર પટેલ અને તેમના ભાગીદારોને વિશ્વાસમાં લીધા હતા. નોટરી રૂબરૂમાં ફ્લેટ વેચાણનો 51 લાખનો વેચાણ સાટાખત બનાવી આપ્યો હતો અને ફ્લેટ સોદા માટે અલગ અલગ હપ્તામાં કુલ રૂ. 41,40,999 પડાવી લીધા હતા. જો કે દસ્તાવેજ માટે બહાનાઓ બનાવી સમય પસાર કર્યો હતો, પરંતુ બાદમાં તપાસ કરતાં ફરીયાદીને ખબર પડી કે ધવલ ભાટીયા આ ફ્લેટનો માલિક જ નથી. એટલું જ નહીં, ગ્રીન સિટી ગોલ્ડ બિલ્ડિંગ નં. 30ના 11મા માળે આવેલા ફ્લેટ નં. 1103 અંગે પણ તેઓ માલિક ન હોવાનું બહાર આવ્યું હતું. રકમ પરત માંગતા આરોપીએ રૂ. 6,00,000ના બે અલગ અલગ ચેક આપ્યા હતા. જેમાંથી રૂ. 3,00,000નો પહેલો ચેક બેંકમાં જમા કરાવતા બાઉન્સ થયો હતો. ત્યારબાદ આરોપી ધવલ ભાટીયાનો મોબાઇલ ફોન બંધ મળી આવ્યો હતો. વધુમાં, તેમનું રહેણાંક મકાન તેમજ ઓફિસ પણ ખાલી મળી આવતા તેઓ ભાગી ગયાની શંકા મજબૂત બની છે. ફરિયાદી અને તેમના ભાગીદારો પાસેથી મોટી રકમ લઈ પરત ન આપતા અંતે પાલ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે પ્રાથમિક તપાસના આધારે ધવલ ભાટીયા વિરુદ્ધ છેતરપિંડી તથા વિશ્વાસઘાતની કલમો હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### અઠવાલાઇન્સની આદર્શ સોસાયટીમાં ચોરી કરનાર ઝડપાયો

સુરતઃ એક વર્ષ પહેલા અઠવાલાઈન્સની આદર્શ સોસાયટીમાં 4.52 લાખની કિંમતની મતા ચોરીમાં સંડોવાયેલા ચોરને ક્રાઈમબ્રાન્ચે ઝડપી પાડ્યો છે.

આરોપી રાહુલ દશરથલાલ દંતાણી (ઉ.વ. 22)એ એપ્રિલ 2025 દરમિયાન આદર્શ સોસાયટીના એક બંધ મકાનને નિશાન બનાવી આરોપીએ પોતાના સાથીદારો સાથે મળી સોના-ચાંદીના દાગીના અને મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા 4,52,400ની માલમત્તા ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આરોપી રાહુલ મૂળ મહેસાણાના કડી તાલુકાનો છે. તેની સામે લાઘાણજ, અમરાઈવાડી પોલીસ સ્ટેશન તેમજ નંદાસણ પોલીસ સ્ટેશનમાં પણ ઘરફોડ અને અન્ય ગુનાઓ નોંધાયેલા છે.

પ્રક્રિયામાં સમય લાગશે પરંતુ પ્રજાહીતમાં નિર્ણય લેવાશે

## કતારગામની ત્રણ TPના રિઝર્વેશન દૂર થશે, મુખ્યમંત્રીની હૈયાધરપત

**ટી.પી.** 49, 50, 51 ધારાસભ્ય વિનોદ મોરડિયાની આગેવાનીમાં રજૂઆત ફળદાયી રહી હોવાનો દાવો

સુરત : કતારગામ પ્રિલીમરી ટી.પી. સ્કીમ નં. 49, 50 અને 51માં રહેણાંક તેમજ સોસાયટીની વાડીઓ પર મુકાયેલા રીઝર્વેશન મુદ્દે લડક ચલાવી રહેલી પીડિત પરિવાર સમિતિના પ્રતિનિધિઓએ મુખ્યમંત્રી સમક્ષ મહત્વની રજુઆત કરી હતી. આ મુદ્દે કુલ 12 પ્રતિનિધિ સાથે મુખ્યમંત્રીની મુલાકાત યોજાઇ હતી, જેમાં કતારગામના ધારાસભ્ય વિનોદ મોરડીયા પણ હાજર રહ્યા હતા.

મિટિંગમાં મુખ્યમંત્રીએ સ્પષ્ટતા કરી હતી કે હાલ ટી.પી. સ્કીમ પ્રીલીમિનરી સ્ટેજમાં હોવાથી તેમાં કોઇ ફેરફાર શક્ય નથી. ટેકનિકલ કારણો અને કાનૂની પ્રક્રિયાને ધ્યાનમાં રાખી ઉતાવળે કોઇ જાહેરાત કરી શકાય તેમ નથી. જોકે, સ્કીમ ફાયનલ થયા બાદ રિઝર્વેશનમાં જરૂરી ફેરફાર લાવવાની ખાતરી મુખ્યમંત્રીએ આપી હતી. સાથે જ તેમણે અસરગ્રસ્તોને વિશ્વાસ આપ્યો કે સરકાર પ્રજાહિતમાં જ નિર્ણય લેશે અને સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ આપી દેવામાં આવી છે, પરંતુ સમગ્ર પ્રક્રિયામાં સમય લાગશે.

અસરગ્રસ્ત પરિવારો દ્વારા સુરત મહાનગરપાલિકાની આવનારી ચૂંટણી પહેલા સ્પષ્ટ જાહેરાત કરવાની માંગ પણ કરવામાં આવી હતી. આ મુદ્દે મુખ્યમંત્રીએ "વિશ્વાસ રાખો" એવો આશ્વાસનભર્યો સંદેશ આપ્યો હતો. આ સિવાય પીડિત પરિવાર સમિતિના પ્રતિનિધિઓએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને પણ મળીને રજુઆત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ અસરગ્રસ્તોએ સુરત મહાનગરપાલિકા અને તંત્ર સમક્ષ રજૂઆતો કરી હતી, પરંતુ પ્રીલીમિનરી સ્ટેજ હોવાને કારણે કોઇ સ્પષ્ટ નિર્ણય લેવાયો નહોતો. હવે રાજ્ય સરકાર સ્તરે ચર્ચા થવાથી પીડિત પરિવારોને આશા બંધાઈ છે કે ફાયનલ ટી.પી. બાદ તેમને રાહત મળશે.

## ગણેશવાલા અને પરવાનાની કાળી કુંડળીમાં સમીરની એન્ટ્રી

**લિંબાયત** ઝોન ઓફિસની બાજુનું જીમ, મદીના મસ્જિદ પાસેનું ગેરકાયદે બાંધકામ સહિતની કાળી ચિઠ્ઠી એસીબીની તપાસમાં તૈયાર

સુરતઃ લાંચ કેસમાં ચાર દિવસથી પોલીસને 'હાથતાળી' આપી રહેલા કાર્યપાલક એન્જિનિયર વિપુલ ગણેશવાલા અને તેના સાગરીત ઈસ્માઈલ પઠાણ ઉર્ફે પરવાનાની કુંડળીમાં હવે 'સમીર' નામના પાત્રએ એન્ટ્રી કરી છે. તપાસના તાર સૂચવે છે કે પરવાનાને સુરક્ષિત આશરો આપવામાં અને તેના કાળા નાણાંને વગે કરવામાં સમીરની ભૂમિકા અત્યંત ચાવીરૂપ છે.

ACBની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, પરવાના જે રીતે ભૂગર્ભમાં ઉતરી ગયો છે તેની પાછળ સમીર નામના વ્યક્તિનું મજબૂત નેટવર્ક કામ કરી રહ્યું છે. વ્યવસાયે સીમકાર્ડ સાથે સંકળાયેલો સમીર આ ખેલનો પડદા પાછળનો ખેલાડી હોવાનું મનાય છે. હવે ACB આ સમીરની કડક પૂછપરછ કરવાની તૈયારીમાં છે.

તપાસમાં સૌથી આઘાતજનક વિગતો પરવાનાની મિલકતો અંગે સામે આવી રહી છે. લિંબાયત ઝોન ઓફિસને બિલકુલ અડીને જ એક અત્યાધુનિક લક્ઝરી જીમ ઉભું કરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ, આ જીમમાં પરવાનાનું મોટું રોકાણ છે.

**મદીના મસ્જિદ પાસે નિયમોના છેદ ઉડાડતું બાંધકામ પરવાનાની ભાગીદારીનું**

માત્ર જીમ જ નહીં, પરંતુ લિંબાયતના મદીના મસ્જિદ વિસ્તારમાં ચાલી રહેલા એક વિવાદાસ્પદ બાંધકામમાં પણ પરવાનાની સીધી ભાગીદારી હોવાનું ખૂલ્યું છે. બિલ્ડિંગના નિયમો મુજબ જે માર્જિન છોડવાનું હોય છે, તે જમીન પર ગેરકાયદે સ્ટ્રક્ચર ખડકી દેવાયું છે. આસપાસના રહીશો લાંબા સમયથી આ ગેરકાયદે બાંધકામ સામે કાગારોળ કરી રહ્યા છે, પણ ગણેશવાલા જેવા અધિકારીઓના 'વરદહસ્ત'ને કારણે સ્થાનિક પોલીસ કે પાલિકાએ કોઈ પણ પગલાં ભરવાની તસ્દી લીધી નહોતી.

**બેનામી સંપત્તિનું 'લિસ્ટ' તૈયાર: મોટા ઘટસ્ફોટની તૈયારી**

ACB હાલમાં ગણેશવાલા અને પરવાનાની બેનામી મિલકતો, બેંક લોકર્સ અને દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ કરી રહી છે. આર્થિક વ્યવહારોના કાચા-પાકા ચિઠ્ઠા જોતા એવું લાગે છે કે આગામી દિવસોમાં આ મામલે મનપાના અન્ય મોટા માથાઓની સંડોવણી પણ બહાર આવી શકે છે. ભ્રષ્ટાચારની આખી શૃંખલાનો અંત લાવવા માટે એસીબી હવે 'એક્શન મોડ'માં છે. ACB ગણેશવાલાના પુત્રના આલિશાન લગ્ન મામલે પણ તપાસ કરવી જરૂરી બની છે.

## વરાછા બેંકમાં અગ્રણીઓની સમજૂતી તૂટશે તો ચૂંટણી થશે

**બેંકના** ડિરેક્ટર્સ માટે ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરી દેવાયો, 15 બેઠક માટે ચૂંટણી થશે

સુરતઃ સુરત શહેરની અગ્રણી સહકારી બેંક ધ વરાછા કો-ઓપ બેંક લિ.માં આવનારી સંચાલક મંડળની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાવા લાગ્યો છે.

વરાછા કો.ઓપ. બેંકમાં વર્ષોથી આપસી સમજૂતીથી સંચાલન રચાતું આવ્યું હોવા છતાં આ વખતે સમજૂતી થવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે, જેના કારણે સીધી ચૂંટણીની પરિસ્થિતિ ઊભી થતી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. બેંકની બોર્ડ ઓફ ડિરેક્ટરોની 15 બેઠક માટે ચૂંટણી યોજાવાની જાહેરાત કરવામાં આવી છે, જેમાં આશરે 65 હજાર સભાસદ મતદારો તરીકે નોંધાયેલા છે. ચૂંટણી કાર્યક્રમ મુજબ 5 એપ્રિલના રોજ મતદાન યોજાશે, જ્યારે 7 એપ્રિલે મતગણતરી હાથ ધરાશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન જિલ્લા કલેક્ટર દ્વારા કરવામાં આવી રહ્યું છે.

બેંકના કેટલાક સભાસદો નવા ચહેરાઓને તક મળે, પારદર્શકતા વધે અને જૂના આગેવાનો સાથે નવા લોકોને આગળ આવવાની તક મળે તે માટે આ વખતે ચૂંટણી જરૂરી હોવાનું માની રહ્યા છે. બીજી તરફ, વર્તમાન સંચાલન સાથે જોડાયેલા વર્તુળોનું કહેવું છે કે બેંકના સતત વિકાસ અને સ્થિરતા માટે અનુભવ ધરાવતા લોકોનું માર્ગદર્શન અનિવાર્ય છે. તેમનું માનવું છે કે અનુભવી ટીમના કારણે જ બેંક આજે મજબૂત સ્થિતિમાં છે. બેંકની થાપણો અને કુલ બિઝનેસ વધ્યો છે.

ચૂંટણી અધિકારી દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ પ્રાથમિક મતદાર યાદી 23 ફેબ્રુઆરીએ પ્રસિદ્ધ થયા પછી વાંધા સૂચનો 24થી 28 ફેબ્રુઆરી સુધી રજૂ કરી શકાશે. અંતિમ મતદાર યાદી 7 માર્ચે પ્રસિદ્ધ થશે અને 16થી 20 માર્ચ ઉમેદવારો ફોર્મ ભરી શકશે. 24 માર્ચે ઉમેદવાર ફોર્મ પરત ખેંચી શકશે, એ પછી 5 એપ્રિલના રોજ સવારે 8થી સાંજે 4 વાગ્યા સુધી મતદાન થશે અને 7એપ્રિલ 2026ના રોજ મતગણતરી થશે. ઉમેદવારી નોંધાવવા ઈચ્છુક જૂથોએ અંદરખાને બેઠકો શરૂ કરી દીધી છે. જો અંતિમ ક્ષણે પણ આપસી સમજૂતી નહીં થાય, તો ઘણાં વર્ષો બાદ વરાછા કો-ઓપ બેંકમાં ચૂંટણી જોવા મળશે તેવી ચર્ચા જોર પકડી રહી છે.